

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

પાડવો પડે હસો એ બીકે અહીં આવતો નથી!
છે બૂટલેગરી કિલ્લો, વરસાદ ફાવતો નથી!
માં ફાડીને બેઠા અહીં મગરમચ્છ ગળી જવા -
શાંતિથી સરકી જાય છે મેઘો, ને ગાજતો નથી...

હાઈકુ

'અછત' થી છે -
વરસાદ કરતાં -
વધુ ફાયદા ?!
('રાહત' મને ને ?!)

ગોંધી રાખ્યો છે -
વરસાદને પણ ?!
રિસોર્ટ પર ?!
(કોના લાભાર્થે ?!)

### ચિંતન

અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્ ।
યુયોધ્યસ્મજ્જુ હુરાણ મેનો ભૂયિષ્ઠાં તે નમઉક્તિ વિધેમ્ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

આપણે ખરાબ ટેવોનો સદંતર ત્યાગ કરી હંમેશા સન્માર્ગે ચાલીને ધનધાન્યની કમાણી કરીએ.

સંસારમાં મનુષ્યની સામે શ્રેય માર્ગ અને પ્રેય માર્ગ બંને ખુલ્લા છે અને મનુષ્યે જ નિર્ણય કરવાનો છે કે તે કયા માર્ગને અનુસરે. કાં તો તે ઈમાનદારીના સત્યમાર્ગ ઉપર ચાલે, પછી ભલે તે માર્ગ મુશ્કેલીઓથી ભરેલો હોય અથવા તો તે પ્રથમ નજરે પ્રિય લાગનારો માર્ગ પસંદ કરે, પછી ભલે તે અધઃપતન તરફ દોરી જાય. ધન કમાવાની બાબતમાં આ નિર્ણય કરવાની ખાસ જરૂર છે.

આજનો માનવી પોતાની સુવિધાઓ, આસક્તિ,વિલાસિતા અને પ્રતિષ્ઠા માટે કંઈ પણ કરવા તૈયાર છે. ધર્મ મર્યાદાઓનું પાલન કરીને કમાયેલા ધનની જ સંતોષ પ્રાપ્ત કરવો જોઈએ. ગમે તેટલું તોફાન આવે અગ્નિની જ્યોત હંમેશા ઉપરની તરફ જ જાય છે. આવી જ રીતે દૃઢ આત્મશક્તિ ધરાવનાર મનુષ્યને ભલે પોતાનું અસ્તિત્વ ગુમાવવું પડે, એમ છતાં તે અનીતિ સામે ક્યારેય ઝુકતો નથી, કોઈ પણ પ્રલોભન તેને ઈમાનદારીના માર્ગ પરથી ડગાવી શકતું નથી.

### સુવિચાર

- યુદ્ધમાં ન ઉતરી હોય તેવી વ્યક્તિનું પણ મરણ આવે છે, યુદ્ધમાં લડ્યો હોય છતાંયે જીવી જાય છે, કાળ આવે છે ત્યારે તેને કોઈ અતિક્રમી શકતું નથી. કાળ પોતાની રીતે જ આવે છે - **વિદુર**
- યશ આપનારું મૃત્યુ તો ઉત્સવ જ કહેવાય પણ કલંકીત થઈને મરવું એ તો મૃત્યુના ત્રાસ કરતાં અનેકગણું ત્રાસદાયક હોય છે - **અખંડ આનંદ**
- ક્ષેમકારી, નિત્યધાન આપનારી અને પશુઓની વૃદ્ધિ કરનારી ભૂમિનો પણ રાજાએ પોતાના રક્ષણ માટે કંઈ પણ વિચાર કર્યા વિના ત્યાગ કરવો - **નીતિશાસ્ત્ર**
- વિજ્ઞાનમાં જેને પહેલો વિચાર સુઝ્યો તેને યશ મળતો નથી, પણ જે જગતને એ વિચાર સમજાવી શકે તે યશ લઈ જાય છે - **ડાર્વિન**
- વિશ્વને ખ્યાલ આવવો જોઈએ કે તમે કોણ છો, દુનિયાને બદલવાનો જુસ્સો તમારામાં નહીં હોય ત્યાં સુધી દુનિયા તમને નહીં ઓળખે - **સ્ટીવ જોબ્સ**
- વાહ - વાહ ભર્યા વખાણના તમામ રસ્તા, કબ્રસ્તાન તરફ દોરી જાય છે - **વીલીયમ્સ ગ્રે**
- આજનું ઔષધ : લીમડાના કૂણા પાન અને આમળા ઉકાળીને તે પાણી નવશેકું પીવાથી એસિડીટી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ભગવાન બુદ્ધ તળાવના કિનારે વૃદ્ધ નીચે ધ્યાનમાં બેઠા હતા. ધ્યાન પુરું થતાં આંખો ખોલી તો તળાવમાં સુંદર કમળના ફુલો ખીલેલાં જોયા અને એ ફુલોના સૌંદર્યને નજીકથી માણવા તેઓ તળાવમાં ઉતર્યા. કમળોને નજીકથી જોઈ સુગંદ માણી તળાવની બહાર નીકળતા હતા ત્યારે એક દેવકન્યાનો અવાજ સંભળાયો, 'મહાત્મા, તમે આભાર માન્યા વિના, કંઈ પણ આપ્યા વિના કમળનાં પુષ્પોની સુંદરતા અને સુગંધનો આનંદ માણ્યો એ અનીતિ છે.' ભગવાન બુદ્ધ આ દેવકન્યાનો અવાજ સાંભળી ત્યાં જ ઊભા રહી ગયા. બરાબર એ વખતે એક માણસ તળાવમાં ઊતરી કમળનાં ફૂલો તોડીને લઈ જતો રહ્યો. દેવકન્યા તેને જોતી જ રહી. ન તેણે પેલા ફુલો લેવાવાળાને કંઈ કહ્યું કે ન તેને રોક્યો. ભગવાન બુદ્ધે કહ્યું, 'દેવી મેં તો માત્ર સુંદરતા અને સુગંદ માણી, ફૂલોને સ્પર્શ પણ નથી કર્યો. છતાં તમે મેં અનીતિ કરી એમ કહ્યું અને આ માણસ ફૂલો તોડી લઈ ગયો તેને કંઈ ન કહ્યું.' દેવકન્યાએ બુદ્ધને કહ્યું, 'ભગવાન, સાંસારિક મનુષ્ય સ્વાર્થી હોય છે, પોતાના લાભ માટે ધર્મ-અધર્મનો ભેદ સમજી શકતો નથી. તે માફીને માત્ર છે. પણ આપનો જન્મ તો ધર્મ-નીતિના ઉદ્ધાર અને પ્રચાર માટે થયો છે. તો તમારે તમારા દરેક કાર્ય પર આભાર વ્યક્ત કરવો જોઈએ. હવાનો, વૃક્ષનો, નદીનો, પ્રાણવાયુ, ફળ, પાણીનો આભાર માનવો.'

# સત્તા બચાવવા અને મેળવવા હવાતિયાં

તંત્રીસ્થાનેથી...

લોકશાહી બે શબ્દોમાં સમાસ છે : લોક + શાહી. 'શાહી'માં શાસનનો સંદર્ભ સમાયેલો છે. લોકશાહી એ અબ્રહામ લિંકનની અનોખી વ્યાખ્યા મુજબ લોકો દ્વારા, લોકો માટેનું, લોકોનું શાસન છે. કર્ણાટકનું નાટક ભારતની લોકશાહી કેટલી વામણી છે એનું નેત્રદીપક ઉદાહરણ છે. દેખીતી રીતે જ પૂર્વ પ્રધાનમંત્રીના સુપુત્રની પોતાની કોઈ હેસિયત નહોતી કે એમના પિતાની જાગીર જેવી જનતા દળ (સેક્યુલર) પાર્ટી દ્વારા સુવાંગ બહુમતી મેળવીને કર્ણાટકની ગાદી સંભાળી શકે. એ માટે એમણે પિતાની વગનો 'સદુપયોગ' કર્યો. ચૂંટણીમાં ત્રીજા ક્રમે રહેલી એમની પાર્ટીએ બીજા ક્રમે રહેલી કોંગ્રેસ સાથે એ શરતે સમાધાન ગોઠવી પાડ્યું કે પહેલા ક્રમે આવેલ ભારતીય જનતા પાર્ટીને સત્તાથી વેગળી રાખવી હોય તો મને મુખ્યમંત્રી બનાવવો પડે. કોંગ્રેસ માટે એ કડવી શરત કબૂલ રાખ્યા વિના છૂટકો નહોતો કારણ કે જો વેળાસર ગઠબંધન સરકાર ન બને તો યેદુરપ્પા એમની તોડફોડ અને ખરીદવેચાણ પ્રક્રિયા તાબડતોબ ચાલુ કરી દેવા અને રાજયપાલશ્રી વજુભાઈ વાળાની કેસરિયા કૃપાદષ્ટિથી ફલોર ટેસ્ટમાં પાર ઊતરવા તૈયાર જ હતા. આજકાલ ધારાસભ્યો તો ઈદના બકરાના ભાવે વેચાય છે. ગુજરાતમાં પણ એ પ્રયોગ શાસક પક્ષ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો છે, જરૂર જ નથી છતાં ! કર્ણાટકમાં તો સિદ્ધરમૈયાની સરકાર ગયા પછી જ કોંગ્રેસના જ સમર્થનથી જેડી(એસ) - કોંગ્રેસની સંયુક્ત સરકાર આવી રહી હતી. ન્યાયપાલિકાનું પણ ગઠબંધનને સમર્થન મળતાં રાજયપાલશ્રીના હાથ પણ હેઠા પડી ચૂક્યા હતા. આવી સરકાર બનતાં બની તો ગઈ. રાજયપાલે ઉતાવળે સૌથી મોટી પાર્ટીને સરકાર બનાવવા નિમંત્રણ આપ્યું અને મુખ્યમંત્રી તરીકે ભ્રષ્ટાચારી તરીકે વગોવાઈ ચૂકેલા અને જેલની હવા સુધ્ધાં ખાઈ આવેલા ભાજપના સમર્થ આર્થિક સમૃદ્ધિવાન નેતાનો શપથવિધિ સુધ્ધાં કરાવી દીધો હતો. ફલોર ટેસ્ટ માટે પણ બે અઠવાડિયાં જેટલો લાંબો સમય ફાળવી દીધો હતો. જો અદાલત વચ્ચે ન પડી હોત તો યેદુરપ્પાએ ત્યારે જ બહુમતી સાબિત કરી દીધી હોય. આજની પરિસ્થિતિ સંપૂર્ણપણે યેદુરપ્પાના પક્ષે જ છે, છતાં જેડીએસ-કોંગ્રેસની સરકાર માત્ર અને માત્ર સ્પીકરની આડોડાઈને કારણે ખેંચાઈ રહી છે. સત્તા મેળવવા અને ઝૂંટવવા કેવી નાદાન હરકતો થઈ શકે છે અને મૂલ્યોને કઈ હદે નેવે મૂકી દઈ વહેવારુ અભિગમ અપનાવાય છે, એનો એક યાદગાર દાખલો અત્યારે બેંગ્લોરની વિધાનસભામાં ભજવાઈ રહેલું રાજકીય નાટક છે. અલબત્ત, એ નાટક કોઈ આદર્શોને સમર્પિત નથી; એ માત્ર અને માત્ર આંકડાની રમતના આધારે ચાલતો જાદુગરનો ખેલ છે, જેનું ખરું સૂત્ર સંચાલન દિલ્હીના ઈશારે થઈ રહ્યું છે અને મતદાતાઓ એમના વોટથી ચૂંટાયેલા ધારાસભ્યોનું અસલ દિગંબર સ્વરુપ મૂક પ્રેક્ષક બની નિહાળી રહ્યા છે.

# લોકોના મોઢા કોણ બંધ કરી શકે છે?

**આપ કયાં સોચેંગે ઉસસે ફર્ક પડતા હૈ,**
**કપૂર સા'બ કયાં સોચેંગે ઉસસે ફર્ક નહીં પડતા.**

**- ૩ ઈડિયટ્સ**



## ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

૨૦૦૯માં આવેલી રાજકુમાર હિરાણીની આ માસ્ટર પીસ ફિલ્મ વિશે કોણ અજાણ હોઈ શકે? અભિજાત જોશી લિખિત આ ફિલ્મનાં સંવાદ રાજકુમાર હિરાણી અને અભિજાત જોશી બંનેએ લખ્યા હતા. અભિજાત જોશી આપણા ગુજરાતી ફિલ્મી લેખક છે, અને તેમના નાના ભાઈ સૌમ્ય જોશી પણ ખૂબ જ સારા નાટ્ય લેખક છે. હમણાં જ '૧૦૨ નૉટ આઉટ' ફિલ્મ શ્રી સૌમ્ય જોશીના ગુજરાતી નાટક પરથી જ બની છે.

૩ ઈડિયટ્સમાં માધવન ઉપરોક્ત સંવાદ તેના પિતા પરીક્ષિત સહાનીને કહે છે. જયારે માધવન એન્જીનીયરીંગ છોડીને 'વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર' બનવાની ઈચ્છા વ્યક્ત કરે છે ત્યારે તેના પિતા જણાવે છે કે, એન્જીનીયરીંગ અધુરું છોડીશ તો લોકો શું કહેશે ? તે સમયે માધવન કહે છે કે, લોકો શું કહેશે તેનાથી મને કોઈ ફરક પડતો નથી. કારણ કે લોકો તો 'ઘેટાનું કૂતરું અને કૂતરાનું ઘેટું' કરનારા જ હોય છે.

આવા જ અર્થને દર્શાવતો એક સંવાદ 'નૈષધીયચરિતમ્'માં જોવા મળે છે.

**જનાનને કઃ કરમર્પયિષ્યતિ ?**
**- નૈષધીયચરિતમ્**
**૯-૧૨૫**

- લોકોના મોઢા કોણ બંધ કરી શકે છે?

શ્રીહર્ષ ચરિત 'નૈષધીયચરિતમ્' સંસ્કૃત મહાકાવ્ય મહાભારતના 'નલોપાખ્યાન' પર આધારિત છે.

શ્રી હર્ષ બારમી શતાબ્દીના પ્રખ્યાત કવિ હતા. તેઓ બનારસ અને કન્નૌજનાં ગઢવાલ શાસકો - વિજયચંદ્ર અને જયચંદ્રની રાજસભાને સુશોભિત કરતા હતા.

'નૈષધીયચરિતમ્' કુલ બે ભાગો (ઉત્તર-પૂર્વ)માં વહેંચાયેલ છે. બંને ભાગમાં ૧૧-૧૧ સર્ગ મળીને કુલ ૨૨ સર્ગનું આ કાવ્ય છે.

આ કાવ્ય કઠિન છે. આ કાવ્ય માટે કહેવાયું છે કે, નૈષધં વિદ્વત્ ઔષધમ્ - નૈષધ વિદ્વાનો માટે ઔષધ છે.

jayuoza@gmail.com
Mo.9898046488

# રવિવારે 'વિચાર-વિમર્શ અને વિવેચન' કાર્યક્રમ

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં કાર્યક્રમ 'વાર્તાવાચિકમ્; કાવ્ય પઠન અને નાટક (એકાંકી) પઠન તથા તે અન્વયે કૃતિઓ પરના 'વિચાર-વિમર્શ અને વિવેચન' અંતર્ગતનો એક કાર્યક્રમ; તા. ૨૧-૭-૨૦૧૯ને રવિવારના રોજ બપોર ૧ થી ૪ દરમિયાન ડૉ. આંબેડકર ભવનમાં સમિતિ ખંડમાં, સેકટર-૧૨, ગ-રોડ, ગાંધીનગર ખાતે યોજાશે; જેમાં કવિ અને મૂર્ધન્ય સાહિત્યકાર દલપતભાઈ ચૌહાણ, તેઓની વાર્તા 'દાઝ'નું સ્વયં પઠન કરશે; જયારે કવિ અને કોલમીસ્ટ મૂળજી પરમાર તેઓના સ્વરચિત નાટક (એકાંકી) 'પોસ્ટમોર્ટમ' તથા તેઓનાં કાવ્યોનું સ્વમુખે પઠન કરશે અને ત્યારબાદ, આ રજૂ થયેલ કૃતિઓ અન્વયે પીઠ કવિઓ / લેખકો વિચાર-વિમર્સ કરી, કૃતિઓની સમીક્ષા / વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા સંસ્થાના સભ્યો, સાહિત્યરસિકો, ભાવકો અને મહાનુભાવોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● અખિલ હિન્દ મહિલા પરિષદ, સુરત ટ્રસ્ટના ઉપક્રમે 'સ્મિતા પારેખ સાહિત્ય લેખક સ્પર્ધા - ૨૦૧૯' અંતર્ગત પાઠવવામાં આવ્યું છે, જેમાં શ્રેષ્ઠ કૃતિને રૂા. ૫૦૦૦/- નું રોકડ પારિતોષિક આપવામાં આવશે. આ કૃતિઓ અખિલ હિન્દ મહિલા પરિષદ, બૃહદ સુરત શાખા, શાલીભદ્ર કોમ્પલેક્ષ, કાદર શાની પોળ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ના સરનામે મોકલવાની રહેશે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# મેઘભીની ધરતીની અનેરી સુગંધ : કવિ મુકુન્દરાય પારાશર્યની સ્મૃતિ

કેટલાંક વ્યક્તિત્વ એવા હોય છે કે જેમને સદેહે જોવાની તક ન મળી હોય છતાં તેમનું નામ સ્મરણ કરીએ અને તરત જ અંતરમાં આનંદ અને ઉલ્લાસ આપમેળે પ્રગટ થાય છે. આવું એક ધન્યનામ એટલે મુકુન્દરાય પારાશર્ય.

" મરને તળિયે જીવીએ, દૂનિયા દેખે નૈં ,
મકના, એવી છીપ થા કે મોતી પાકે મૈં.''

પ્રસિધ્ધિની રજમાત્ર પરવા કર્યા સિવાય માત્ર કર્મની કેડીએ ડગ માંડવાના સંસ્કાર આ ભાવનગરી કવિને વિચક્ષણ દિવાન સર પ્રભાશંકર પટ્ટણીના જીવનમાંથી મળ્યા હોય તે બનવા જોગ છે. સંસારમાં રહીને, સાંસારીક જવાબદારીઓ નિભાવીને પુષ્પની જેમ સતત સંસ્કારની સુગંધ પ્રસરાવતા આ નખશીખ સૌજન્યશીલ અને સૌમ્ય સર્જકને ગુજરાતીઓ કદી વિસરી શકશે નહીં. માળા ફેરવતા મોટીબા પાસેથી વાતો સાંભળીને કથાઓ લખી. અનેક વિદ્વાનોએ આ સત્યકથાઓને વિશ્વસાહિત્યના દરજ્જામાં મૂકી શકાય તેવી ગણી. એમની ભાતીગળ સ્મૃતિ એમના સર્જનો થકી રંગ રેલાવતી રહેશે. મકરંદી ગુલાલ એમણે પણ રેલાવી જાણ્યો છે.

અમે તો જઈશું અહીંથી પણ આ
અમે ઉડાડયો ગુલાલ રહેશે.

'સત્યં પરમ્ ધીમહિ'નો મંત્ર જીવી જનાર આ સર્જક સત્યકથાઓ લખીને સમાજ પર પોતાનું ૠણ ચડાવીને ગયા છે. તેઓએ માત્ર સત્યકથાઓ લખી હોત તો પણ અમરત્વને વર્યા હોત એ નિર્વિવાદ છે. પરંતુ તેમણે તો અનેક સર્જનો થકી આપણા સાહિત્યની શોભા વધારી છે. એમની રચનાઓમાં ભાવ સહજતા તથા પ્રવાહીતાનો સુભગ સમન્વય જોવા મળે છે. આપણી સંતવાણીની ભાતીગળ રચનાઓમાં સ્થાન પામે તેવી તેમની એક રચના છે.

એની ગાંઠે ત્રણે ભોમનું નાણું
સાધુડા ! જેના મનડામાં મોતી બંધાણું
મોતી બંધાણું એનું દળદર દળાણું વ્હાલા !
છુટયું સંસારનું સરાણું,
હું પદના બંધવાળુ, કંચનકામિનીવાળું
જીવતર છે રાખનું છાણું .... સાધુડા ! ....

આજે જ્યારે સમગ્ર માહોલમાં સ્વ મહિમા પ્રસ્થાપિત કરવાની હોડ ચાલી છે ત્યારે એક સર્જકે લખેલા નીચેના શબ્દો એ સર્જકને જગતથી જુદો તારવી બતાવે છે.

ઓછામાં ઓછું જે બોલે
રહસ્ય વિસ્તરતું જે બોલે
સહુથી અદકુ જીવન તોલે
તે મારે મન કવિ.

મુકુન્દ પારાશર્યની આ વાત સાંભળીએ તો આદર તેમજ વિસ્મય થાય. પરંતુ આ કવિ તેમણેજે લખ્યું છે તેનેજ અનુરૂપ જીવન જીવીને ગયા. કવિતો વહેલા ગયા પરંતુ હમણાંજ આપણી વચ્ચેથી દક્ષાબેન પટ્ટણી અનંતની યાત્રાએ ઉપડી ગયા. આ દક્ષાબેન પણ કીર્તિ કે પ્રસિધ્ધિની રજમાત્ર પરવા કર્યા સિવાય એક ઉત્તમ અધ્યાપકને છાજે તેવું જીવન જીવીને ગયા. કવિ મુકુન્દરાયના બહેન પ્રાધ્યાપક દક્ષાબેનને પણ આવાજ સંસ્કાર મળેલા હતા. આથી મહાત્મા ગાંધીને અને તેમના વિચારોને એક નૂતન દ્રષ્ટિકોણથી રજૂ કરવાનું પડકારરૂપ કાર્ય દક્ષાબેન પર્ણ દક્ષતાથી કરી ગયા. એક ઉજળા તથા ભાતીગળ વારસાના આ બન્ને ભાઈ બહેન પ્રતિનિધિ હતા. દક્ષાબહેન જેવા અધ્યાપક કે મુકુન્દરાય જેવા સર્જક એ ધોમધખતા રણમાં વીરડી બનીને જીવ્યા અને જગતની તેમજ સાહિત્યની ઉપાસના કરી.

સર્જક મુકુન્દરાયની સાહિત્ય ભોમમાં જ્યારે જઈએ ત્યારે સર્જકના ઉજળા તથા ઉમદા પોતના દર્શન થયા કરે છે. તેમના જીવનની ગતિ નદીની ધારા સમાન સ્થિર તથા જીવંત રહી છે. તેઓ આ ધારાની સ્થિરતાને પ્રમાણનારા સર્જક છે. એક સ્થળે તેમણે લખ્યું છે :

" નદીનો ધર્મ વહેવાનો છે. સિંધુની પ્રાપ્તિ એ તેનું લક્ષ્ય છે, તરંગો ઉછાળવા કે ગર્જના કરવી એ નથી નદીનો ધર્મ કે તેનું લક્ષ્ય. ગર્જના કે તરંગ એ તો તે પ્રકારના માર્ગમાંથી વહન કરવાને અંગે સ્વતઃ ઊભા થતા પરિણામ છે. ''



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સાહિત્યના સર્જનમાં પણ એક ધોરણ જળવાય તે દરેક કાળમાં અપેક્ષિત છે. જે સાહિત્યમાં સત્વનું મજબૂત પોત છે તેજ સાહિત્ય જગતમાં ટકે છે. સર્જક મુકુન્દરાયની સત્યકથાઓમાં જે ઉજળા ચરિત્રોનું મજબૂત પોત જોવા મળે છે તેનાકારણે તેનું ચિરંતન મૂલ્ય છે. કોઈ દૈવયોગે જગતમાં ઉમદા સર્જકોનું અવતરણ થતું હશે તેમ મુકુન્દરાય પારાશર્ય જેવા સર્જકને જોતાં લાગે છે. સ્વને ઉન્નત કરનારું સાહિત્ય જગતમાં ટકી રહે છે. તુકારામ કે તુલસી તેથી આજેજ પણ લોકહૈયે બીરાજેલા છે. સર્જક પારાશર્યે એક સરસ વાત લખી છે :

" શ્રેયમાં આસ્વાદ તેમજ પ્રીતિ ઉત્પન્નકરે અને હોય તો તેને વિકસાવે તે કળા.... ન સમજાય તેવી ચાલાકીથી આશ્ચર્ય ઉપજાવે તે તો જાદુગર. ''

મુકુન્દરાય પારાશર્યે સર પ્રભાશંકર પટ્ટણીના જીવનની અનેક ઘટનાઓ આલેખીને આપણે ઋણી બનાવ્યા છે. કોઈ દીવાનના ઘરમાંથી ઘરકામ કરનાર વ્યક્તિ કદાચ ઘરેણાંની ચોરી કરે તે તો સમજી શકાય. પરંતુ ત્યારપછી એ વ્યક્તિનો ગુનો માફ કરી તે વ્યક્તિમાં પુનઃ હતો તેવોજ વિશ્વાસ મૂકવાની શક્તિ તો સર પટ્ટણી જેવા મહામાનવમાંજ હોય. એટલુંજ નહિ પરંતુ પટ્ટણી સાહેબને એવી પ્રતિતિ પણ થાય કે કોઈને મોહ ઉત્પન્ન કરે તેવી વસ્તુઓનો વૈભવ શા કામનો ? આજે જ્યારે આપણાં દેશ સહિત વિશ્વના અનેક ભાગોમાં કદરૂપી લાગે તેવી અસમાનતા જોવા મળે છે ત્યારે આ વાત ઘણી પ્રસ્તુત અને પ્રાસંગિક લાગે છે. સમાજમાં વિખવાદ કે વિસંવાદિતતા પણ આવા સંપત્તિના વૈભવ પ્રદર્શન થકીજ શરૂ થવાનો સંભવ છે. મુકુન્દભાઈએ ટાંકેલી સર પટ્ટણીની બીજી એક સુપ્રસિધ્ધ પંક્તિ પણ હમેશા સ્મરણમાં રહે તેવી છે.

દુઃખી કે દર્દી કે કોઈ
ભૂલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઘરની
ઉઘાડી રાખજો બારી.

સર પટ્ટણીના ઉદાર સ્વભાવ તેમજ મદદ કરવાની વૃત્તિનું અહીં દર્શન થાય છે. પરંતુ સહાય દરવાજા કે મોટા ડેલા મારફત નહિ પરંતુ કોઈને અણસાર પણ ન આવે તે રીતે નાના દ્વાર, ડેલી કે બારી વાટે આ સહાય આપવાની વાતમાં મદદ સ્વીકારનારનું પણ ગૌરવ જળવાય તેવી ખેવના છે. સર પટ્ટણી તેમજ બીજા અનેક ઉજ્વળ પાત્રોનો પરિચય કરાવનાર સર્જક મુકુન્દરાય પારાશર્યની સ્મૃતિ મનમાં પ્રસન્નતાના ભાવ પ્રગટાવે છે.

# સ્વરાજ મળ્યા પછી આપણે કોઈ સગાંસંબંધીને ગોઠવવાના નથી : ગાંધી

સુરતમાં તાપી નદીના ડકકા ઓવારે એક લાખની જનસંખ્યાને સંબોધન કરતા ગાંધીએ કહ્યુ કે 'આટલો વિશાળ સમૂહ હોવા છતાં પણ આપણે નિર્ધારીત સ્થાને પહોંચવાના નથી. આપણે દુઃખ બરદાસ્ત કરે જ છૂટકો છે. 'ના કર' સામેની લડતનો માર્ગ આપણને ઈશ્વર સમજાવ્યો છે. સરકાર-રાજ્ય ચલાવનારાઓએ પ્રજાના બધા માણસો પાસે કર લઈ શકાય એવી યુક્તિ શોધવી જોઈએ એમ માનીને વહીવટ ચલાવે છે. મેં હિંદુ ધર્મ, ઈસ્લામ, ખ્રિસ્તી અને જરથોસ્ત ધર્મનાં ધર્મગ્રંથો ઉથલાવ્યા છે. એ બધામાં બતાવ્યું છે કે ઔરતો અને મિસકીનો- અને ગરીબો ઉપર કોઈ દિવસ કર હોય નહીં. પણ અહીં તો સરકારે બાળક અને બુઢાં, તવંગર ગરીબ, સ્ત્રીઓ અને પુરુષો અને ઢોર સુધ્ધાની પાસેથી કર લેવો અને સરખો લેવો એવો નિયમ કરેલો છે. મેં આવો ન્યાય જગતમાં ક્યાંય સાંભળ્યો નથી. આથી જ આવી શેતાની સલ્તનત નાશ પામે એવી પ્રાર્થના કરવી એ આપણો ધર્મ છે. વીસ દિવસથી હું આવી પ્રાર્થના કરી રહ્યો છું તે પણ મારી કોટડીમાં છાનીમાની નહીં મોટા જલસાઓમાં. એમ છતાં ઈશ્વરની ખૂબી તો જુઓ કે સરકાર મને મારા સાથીઓને છૂટા મૂકે છે.

ગાંધીજી પોતાને અને તેમના સાથીઓને સરકારે હજુ સુધી પકડાયા નથી એ બાબતનો ઉલ્લેખ કરતાં કહે છે કે અમને છૂટા મૂક્યા છે એ આ સલ્તનતની ખૂબી રહેલી છે એમ હું કબૂલ કરું છું. આ સરકાર પાસે લશ્કર છે, દારૂગોળો છે અને મારા જેવા અનેકને ચપટીમાં કચરી નાખી શકે એમ છે પણ આ સરકારે એની મર્યાદા મૂકી નથી. એને જગતની લાજ વળગી છે. સાબરમતીથી નીકળવાને આગલે દિવસે જે વાત મારે કરવી હતી તાપીના તીરે કહેવા ઈચ્છું છું. કેટલાંક એમ કહેશે કે મારે પકડાઈ જવું છે. પકડાઈ જવામાં હું ધર્મ માનતો નથી, પણ પકડે તેથી હું ડરતો પણ નથી અને તમે બધા ન ડરો. બહેનો પણ ન ડરે એ મંત્ર હું આપું છું. ધર્મપાલન કરતાં પકડે કે ફાંસી ચઢાવે તો પણ તમે ડર છોડો એમ હું ઈચ્છું છું. હું તો સપનામાંય કોઈનું બૂરું ન ઈચ્છુ. બધાનું ભલું ઈચ્છનાર રહ્યો એટલે એની હિંમત ચાલતી નથી અને પકડે તો પણ જેલમાં પડ્યો પડ્યો પ્રાર્થના કરું કે ઈશ્વર આ સરકારનો તું હૃદય પલટો કર. ઈન્સાનને નછાજે તેવી ભાવના એના હૃદયમાં થયેલી છે તે કાઢ. એટલે જેલમાંય હું તો એનું ભલું જ છું.

**ઔરતો અને મિસ્કીનો ઉપર કોઈ દિવસ કર મિસ્કીનો હોય નહીં એમ દુનિયાના બધા ધર્મગ્રંથોએ બતાવ્યું છે**

પોતાની ધરપકડથી સરકારને શરમ આવે છે તેવી લાગણી વ્યક્ત કરતા તેઓ કહે છે રાજકર્તાઓ ઈચ્છે તો મને પકડે પણ તેમ કરતા એને શરમ આવે છે.તે માટે સરકારને હું ધન્યવાદ આપું છું પણ એક દિવસ મને પકડે છૂટકો છે અને ન પકડે તો આખું હિન્દ ધગી ઉઠવાનું છે. એમની તો સાપે છછુંદર ગળ્યા જેવી સ્થિતિ થઈ ગઈ છે હવે પછી કાયદા તડાતડ તૂટતાં જશે ને કાયદાનો નાશ થયો ત્યાં સલ્તનત ક્યાં રહી? એના બધા અંગ ઢીલા થઈ જવાના. આમ વગર મહેનતે એક પણ માણસને જેલમાં નહિ મોકલાવીને સ્વરાજ્ય લેવાની વાતો મારા ખિસ્સામાં પડેલી છે એમ તેઓ કહે છે.

દાંડી યાત્રા પહેલા સરકારે જેમને કેદ કરી લીધા હતા એવા તેમના સાથી સરદાર સાહેબને ગાંધીજીએ ફરી યાદ કર્યા હતા. યાદ કરતાં તેમણે કહ્યું કે તમે અને હું નબળા હતા તેમને જેલમાં જવું પડ્યું. જે દિવસે સરદાર જેલમાં ગયા તે દિવસે તમારે ધગી ઉઠવાનું હતું. વળી સૂતરને તાંતણે સ્વરાજની વાત અને દારૂ ઉપર તેમણે ભાર મૂક્યો હતો. શરાબ છોડાવવા પાછળ મીઠુબેન ઘેલી બની છે પણ તે એકલી છે એટલે બહેનોએ આ કામ મોટા પ્રમાણમાં ઉપાડી લેવું જોઈએ એમ કહીને તેઓ વધુને વધુ પ્રમાણમાં મહિલા શકિતને સ્વરાજ આંદોલનમાં જોડવા માટે પ્રોત્સાહન આપે છે.



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

એ પછી તેઓ હિન્દુ મુસલમાન પારસી ખ્રિસ્તી એકતા વિશે વિગતે વાત કરતા આપસી એકતા સ્વરાજ્યનો ખૂબ મોટો આધાર છે એમ લાગણી વ્યકત કરે છે. અંતે આંદોલન માટે પ્રજાએ સ્વયંભૂ ફાળો એકત્ર કર્યો એ દ્રશ્યો અભૂતપૂર્વ અને હૃદયસ્પર્શી હતા.

ગાંધી અને તેમના સાથીઓ બીજા દિવસે દાંડીમાર્ગે આગળ વધ્યા. યાત્રીઓનો વિસામો ડીંડોલી ગામ ખાતે હતો. આ ગામમાં મજાની વાત એ બની હતી ગામના બે પક્ષો વચ્ચેની પટલાઈ અને તાલુકા બોર્ડના પ્રમુખ અંગે ઝઘડો હતો પણ ગાંધી પહોંચે એ પહેલા આ ઝઘડો ઉકેલાઈ ગયો હતો. તેના અભિનંદન આપતા ગાંધીએ કહ્યુ કે સ્વરાજ મળ્યા પછી આપણે એવી જગ્યાઓ પર સગાંસંબંધીને ગોઠવવાના નથી. તેઓ સ્પષ્ટ કરે છે કે આઝાદીની લડત પછી સ્વરાજ મળે તો કાંઈ નેતાઓએ પોતાના સગા-સંબંધીઓને ગોઠવવાના નથી, એ જ સાચું સ્વરાજ છે.

ડીંડોલીથી સંઘ વાંઝ ગામે જવા નીકળ્યો હતો. આ ગામમાં રાવ બહાદુર ભીમભાઈ ખાદીનો પોશાક પહેરીને પોતાના ગામ ખરવાસા થી પગપાળા વાંઝ પહોંચ્યા હતા. આ ગામની વિશેષતાએ પણ હતી કે ૧૯૨૦ના અસહકાર આંદોલન વખતે જિલ્લાની પહેલી રાષ્ટ્રીય શાળા અહીં બની હતી અને લાંબા વખત સુધી જીવણભાઈ શેઠે તેનો ખર્ચ આપ્યો હતો. આ ગામના કુંવરજીભાઈ અને કલ્યાણજીભાઈ જાહેર સેવક તરીકે અહીંથી જ રાષ્ટ્રીય સ્તરે નામના પામ્યા હતા. બીજી મજાની વાત એ પણ હતી કે કે દાંડી જવાના રસ્તા ઉપર આવેલા વિવિધ ગામોના લોકોને ગાંધી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારથી મળેલા હતા આ વાત ગામ લોકો વચ્ચે કરી તેમણે કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકાથી પાછો ફર્યો ત્યારથી મળેલા સાથીઓ આ ગામમાં રહેતા હોય તો આવા ગામ પાસેથી અનેક પ્રકારની આશા રાખું અને એ આશા જો સફળ ન થાય તો દુઃખ પણ થાય.